શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન -રાજકોટ

# Economics Model Paper-6

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).


**સ્થળ:**

શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન-રાજકોટ

ન્યુ માયાણી નગર, પાણીના ટાંકા સામે, માલવિયા નગર પોલીસ સ્ટેશનવાળી શેરી, મવડી મેઈન રોડ, રાજકોટ – 360 004

**વધુ માહિતી માટે સંપર્ક:**

**0281-2365099 / 0281-2970498/ 7405878428 / 8490983856**

## શ્રી સરદાર પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન –રાજકોટ




For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

# ECONOMICS MODEL PEPAR-6

૧. APEDA નો હેતુ શો છે?

(અ) ખેતપેદાશો માટે કાયદો કરવો

(બ) ખેતપેદાશોની નિકાસને પ્રોત્સાહન આપવું

(ક) શોપિંગ મોલને મંજુરી આપવી

(ડ) વાયદા બજાર ચલાવવું

૨. ભારતમાં વાયદા કરાર નિયમન ધારો ક્યારે ઘડાયો?

(અ) 1962 (બ) 1972 (ક) 2002 (ડ) 1952

૩. ગુજરાત માં ખેતપેદાશોના કેટલાં વાયદા બજારો કામ કરે છે?

(અ) 4 (બ) 6 (ક) 2 (ડ) 16

૪. ભારતમાં ખેત પેદાશોના વાયદા બજારની શરૂઆત કઈ વસ્તુના વાયદાથી થઇ હતી?

(અ) સોનું (બ) ચાંદી (ક) રૂ (ડ) ઘઉં

૫. એગ્માર્કનેટ શું છે?

(અ) કેન્દ્ર સરકારનો નમુનારૂપ કાયદો

(બ) ખેત પેદાશોના વેચાણ માટેનું બજાર

(ક) ખાનગી-જાહેર ભાગીદારીનું ઉદાહરણ

(ડ) ખેત પેદાશો ના બજારોની માહિતીનું એકત્રીકરણ કરવાનું નેટવર્ક

૬. ખેત પેદાશોની ખરીદ વેચાણ વ્યવસ્થા સુધારવા માટે કેન્દ્ર સરકારે શું કર્યું?

(અ) સંસદે કાયદો પસાર કર્યો (બ) નમૂનારૂપ કાયદો ઘડ્યો

(ક) ઉપરોક્ત બને (ડ) ઉપરોક્ત બે માંથી એકેય નહિ

૭. ખેત પેદાશોના વેચાણ માટે અપની મંડી ક્યા રાજ્યોમાં કામ કરે છે?

(અ) પંજાબ,હરિયાણા (બ) ગુજરાત,આસામ

(ક) આસામ,કર્ણાટક (ડ) પંજાબ,ગુજરાત

૮. ભારતમાં 2007માં કેટલાં વાયદા બજારો હતા?

(અ) 14 (બ) 246 (ક) 24 (ડ) 156

૯. ખેત ઉત્પાદન બજાર સમિતિઓ શું કરે છે?

(અ) માર્કેડ યાર્ડનું નિયમન

(બ) ગ્રામીણ પ્રાથમિક બજારોનું નિયમન

(ક) (અ) અને (બ) બને

(ડ) ઉપરના માંથી એકેય નહિ

૧૦. હરિયાળી ક્રાંતિ ભારતમાં શરૂ થઇ તે અગાઉ ભારતમાં કેટલી જાતના ચોખા પાકતા હતા?

(અ) 3 લાખ (બ) 3000 (ક) 30000 (ડ) 300

૧૧. દુનિયાભરના સજીવ ખેતીના આંદોલનોનું મહામંડળ ક્યારે સ્થપાયું?

(અ) 1972 (બ) 1980 (ક) 1977 (ડ) 2001

૧૨. સજીવ ખેતીવાળા ખેતરોમાં કપાસનું ઉત્પાદન ત્રીજા વર્ષથી વધે છે એમ કોણે શોધી કાઢ્યું?
(અ) સેન્ટ્રલ ઇન્સ્ટીટયુટ ફોર કોટન રીસર્ચ
(બ) ઓલ ઇન્ડિયા કોટન રીસર્ચ ઇન્સ્ટીટયુટ
(ક) કૃષિ યુનીવર્સીટી,બેંગ્લોર (ડ) નાબાર્ડ

૧૩. ભારતમાં 2010માં સજીવ ખેત પેદાશોનું બજાર કેટલું હતું?
(અ) 40,000 કરોડ રૂ. (બ) 1,300 અબજ રૂ.
(ક) 900 અબજ રૂ. (ડ) 2,300 અબજ રૂ.

૧૪. સૌથી વધુ સજીવ ખેતી ક્યા થાય છે?
(અ) યુરોપ (બ) એશિયા (ક) ઓસ્ટ્રેલીયા (ડ) આફ્રિકા

૧૫. દુનિયાની કુલ સજીવ ખેતીમાં યુરોપમાં થતી સજીવ ખેતીનું ટકાવારી પ્રમાણ કેટલું છે?
(અ) 7.2 (બ) 19 (ક) 3 (ડ) 23

૧૬. ભારતમાં સજીવ ખેતી હેઠળનો વિસ્તાર કેટલો છે?
(અ) 0.50 ટકા (બ) 0.03 ટકા (ક) 3.96 ટકા (ડ) 7.94 ટકા

૧૭. ભારતમાં 2002માં શરૂ થયેલી સજીવ ખેતીની પરિયોજના કોની છે?
(અ) વિશ્વ બેંક (બ) આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ
(ક) સંયુક્ત રાષ્ટ્રો (ડ) વિશ્વ વ્યાપાર સંગઠન

૧૮. રાષ્ટ્રીય સજીવ ઉત્પાદન કાર્યક્રમ કોણે શરૂ કર્યો છે?
(અ) રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (બ) રાજ્ય સરકારો
(ક) કેન્દ્ર સરકાર (ડ) વિશ્વ બેંક

૧૯. 2005 સુધીમાં ભારતમાં સજીવ ખેત પેદાશોમાં પ્રમાણન માટે કેટલી સંસ્થાઓ કામ કરતી હતી?
(અ) 4 (બ) 14 (ક) 40 (ડ) 34

૨૦. સજીવ ખેતીનો વિરોધ સ્થાપિત હિતો કરે છે એવું કોના અભ્યાસમાં કહેવાયું છે
(અ) રીઝર્વ બેંક (બ) નાબાર્ડ (ક) ભારત સરકાર (ડ) વિશ્વ બેંક

૨૧. સજીવ ખેતી માટે ક્યા રાજ્યોમાં નીતિ ઘડવામાં આવી છે?
(અ) કેરળ,મહારાષ્ટ્ર (બ) ગુજરાત,કર્ણાટક,કેરળ
(ક) કર્ણાટક,આસામ (ડ) કેરળ,કર્ણાટક

૨૨. મણિપુરમાં સજીવ ખેતી માટેનો પ્રયોગ કોણે કર્યો છે?
(અ) નાબાર્ડ (બ) રાષ્ટ્રીય બાગાયત બોર્ડ
(ક) વિશ્વ બેંક (ડ) મોરારકા ફાઉન્ડેશન

૨૩. સજીવ ખેતીનો ઉદેશ શું છે?
(અ) પર્યાવરણનું રક્ષણ કરવું (બ) ખેતીમાં ટકાઉપણું લાવવું
(ક) પ્રાકૃતિક સંસાધનોનું જતન કરવું(ડ) ઉપરોક્ત તમામ

૨૪. સજીવ ખેતીની જરૂરીયાત ઊભી થવાનું કારણ શું છે?
(અ) ખેતીમાં વપરાતા રસાયણિક ખાતરો આરોગ્ય માટે જોખમ ઊભું કરે છે
(બ) જંતુનાશક દવાઓ મનુષ્યના આરોગ્ય માટે જોખમરૂપ છે
(ક) (અ) અને (બ) બન્ને (ડ) (અ) અને (બ)માંથી એકેય નહિ

૨૫. સજીવ ખેતીને પરિણામે –

1. જમીનની ગુણવત્તા સુધરે છે
2. આરોગ્યપ્રદ આહાર ઉત્પન્ન થાય છે
3. ઉત્પાદકતામાં વધારો થાય છે
4. જંતુઓનો ઉપદ્રવ ઓછો થાય છે

ઉપરના માંથી સાચું શું છે?

(અ) 1,2,3 (બ) 1,2,3,4 (ક) 2,4 (ડ) 1,4

૨૬. IFOAM શું છે?

(અ) ભારત સરકારની સજીવ ખેતીને પ્રોત્સાહન આપનારી સંસ્થા

(બ) સજીવ ખેતીના આંદોલનોનું આંતરરાષ્ટ્રીય સંગઠન

(ક) ભારતની સંસદે કરેલ કાયદો

(ડ) સજીવ ખેતી અંગેનો એક અભ્યાસ

૨૭. સજીવ ખેતી ભારતમાં માત્ર લોકોનું આંદોલન બની રહ્યું છે કારણ કે

(અ) ખાનગી કંપનીઓ સ્થાપિત હિત ધરાવે છે કે સજીવ ખેતીનો વિકાસ ના થાય

(બ) સરકારને તેમાં ઝાઝો રસ પડતો નથી

(ક) કેન્દ્ર સરકારની કંપનીઓ જ રસાયણિક ખાતરો પેદા કરે છે

(ડ) ઉપરોક્ત તમામ

૨૮. નીચેના વિધાનો વાચો:

1. ખેતી કરનારી ખાનગી કંપની શેર બજારમાં નોંધાયેલી હોય
2. અનેક બહુરાષ્ટ્રીય કંપનીઓ ખેતીનો વ્યવસાય કરે છે
3. મોટા પાયા પર કોર્પોરેટ ખેતી વધારે કાર્યક્ષમ છે એવી દલીલ કરવામાં આવે છે
4. આંધ્રપ્રદેશમાં કરારી ખેતીની પદ્ધતિનો અમલ 1997થી થયો

ઉપરના માંથી સાચું શું છે?

(અ) 1,2 (બ) 2,3,4 (ક) 1,3,4 (ડ) 1,2,3,4

૨૯. ગુજરાતમાં કરારી ખેતીની યોજના ક્યારે જાહેર થઇ?

(અ) 2001 (બ) 2000 (ક) 2005 (ડ) 1999

૩૦. ભારતમાં કરારી ખેતીની શરૂઆત તાજેતરમાં ક્યા રાજ્યમાં થઇ?

(અ) પંજાબ (બ) ગુજરાત (ક) હરિયાણા (ડ) મહારાષ્ટ્ર

૩૧. ઇઝરાયલની કંપનીએ કરારી ખેતી માટેનું કાર્ય ક્યા રાજ્યમાં કર્યું છે?

(અ) પંજાબ (બ) ગુજરાત (ક) કર્ણાટક (ડ) આંધ્રપ્રદેશ

૩૨. કરારી ખેતીથી રોજગારીની તકો વધે છે એવું ક્યા રાજ્યના અભ્યાસમાંથી સાબિત થયું છે?

(અ) આંધ્રપ્રદેશ (બ) પંજાબ (ક) ગુજરાત (ડ) હરિયાણા

૩૩. કરારી ખેતીમાં શું થાય છે?

(અ) ખેડૂત અને કોઈ કંપની વચ્ચે કરાર થાય છે

(બ) ખેડૂત અને કોઈ કંપની કે સરકારી સંસ્થા વચ્ચે કરાર થાય છે

(ક) કોન્ટ્રેક્ટર ખેડૂતને બિયારણ, ખાતર,દવાઓ વગેરે સંસાધનો પુરા પડે છે (ડ) ઉપરોક્ત તમામ

૩૪. ખેતીમાં ઉત્પાદન સ્તરે કદના લાભ મહત્વના નથી એવું કહેવાનો અર્થ શો છે?

(અ) ખેતરો નાના હોવા જરૂરી નથી

(બ) ખેતરો મોટા હોય તો ઉત્પાદન વધારે થાય એવું જરૂરી નથી

(ક) કરારી ખેતી ઇચ્છનીય નથી

(ડ) ઉત્પાદન વધારવા કંપની દ્વારા ખેતી જરૂરી નથી

૩૫. ઈ-ચૌપાલ,ચૌપાલ સાગર અને ચૌપાલ ફ્રેશ પ્રયોગો કઈ કંપનીએ કર્યા છે?

(અ) ભારતીય એન્ટરપ્રાઈઝ

(બ) રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.

(ક) આઈટીસી (ડ) મે.બી.એચ.સી.ઇન્ડિયા પ્રા.લિ.

૩૬. ખેડૂત નેતા શરદ જોશીની દલીલ શી છે?

(અ) નાના ખેતરો નિકાસલક્ષી પાક પકવી શકે તેમ નથી

(બ) નાના ખેતરો વ્યાપારી ધોરણે ઉત્પાદન કરવા માટે સક્ષમ નથી

(ક) કંપનીઓ જમીન ખરીદે તો ખેડૂતો ભૂમિહીન થઇ જાય

(ડ) (અ) અને (બ) બને

૩૭. જમીન સુધારાનો ઉદેશ શો રહ્યો છે?

1. ગ્રામ વિસ્તારોની પુનર્રચના
2. ખેતી ક્ષેત્રે સુધારા
3. ખેડૂતોને સામાજિક ન્યાય મળે
4. ખેતીનો વિકાસ થાય

(અ) 1,2 (બ) 2,4 (ક) 1,2,3 (ડ) 1,2,3,4

૩૮. જમીન સુધારા માટે બંધારણમાં કઈ અનુસૂચિ ઉમેરવામાં આવી?

(અ) અનુસૂચિ-11 (બ) અનુસૂચિ-2

(ક) અનુસૂચિ-9 (ડ) અનુસૂચિ-12

૩૯. જમીન સુધારાનો હેતુ કયો રહ્યો છે?

1. મોટા જમીનદારો પાસેથી ફાજલ જમીનનો કબજો મેળવી ભુમિહીનોમાં તે જમીન વહેચવી
2. જમીનોના ટુકડા થતા રોકવા અને ખેતરોનું કાળ વધારીને ઉત્પાદકતા વધારવી
3. મહિલાઓને જમીનો અને અન્ય અસ્કામતો પ્રાપ્ત થાય તે જોવું
4. ગણોતિયાઓને જમીનની માલિકીના અધિકારોની સલામતી પૂરી પાડવી

(અ) 3,4 (બ) 2,3 (ક) 1,2 (ડ) 1,2,3,4

૪૦. 1955 સુધીમાં ક્યા રાજ્યોમાં ખરેખર ખેતી કરનાર ખેડૂતને જમીન આપવા માટે કાયદા થયા?

(અ) આસામ, ગુજરાત, બંગાળ

(બ) કેરળ, ઉતરપ્રદેશ, બિહાર

(ક) મદ્રાસ, મહારાષ્ટ્ર (ડ) (અ) અને (ક) બને

૪૧.

1. જમીન ટોચમર્યાદાજુદાજુદા રાજ્યોએ જુદીજુદી નક્કી કરો.
2. જમીન ટોચમર્યાદા હેઠળ ફાજલ જમીનનો કબજો સરકાર મેળવે
3. સરકારે જમીન ટોચમર્યાદા હેઠળ વળતર આપવામાં વિલંબ કર્યો
4. 1972 સુધીમાં જમીન ટોચમર્યાદા હેઠળ 23 લાખ એકર જમીન ફાજલ જાહેર થઇ.

ઉપરનામાંથી શું સાચું છે?

(અ) 2,3,4 (બ) 1,2,3 (ક) 1,2 (ડ) 1,2,3,4

૪૨. જમીન સુધારાની બાબતમાં કેન્દ્ર સરકારની ભૂમિકા શી રહી છે?

(અ) રાષ્ટ્રીય સર્વસંમતિ ઊભી થાય

(બ) રાજ્યોને એ અંગે સ્વતંત્રતા ન આપવી

(ક) ખાનગી કંપનીઓને માટે જમીનની ફાળવણી કરવી

(ડ) ઉપરોક્ત તમામ

૪૩. જમીનદારી પદ્ધતી કોના દ્વારા દાખલ કરાઈ હતી?

(અ) લોર્ડ કર્ઝન (બ) લોર્ડ કોર્નવેલિસ

(ક) મોન્ટેગ્યું (ડ) ઉપરનામાંથી એકેય નહિ

૪૪. કુલ ઉત્પાદનના મહતમ છઠ્ઠા ભાગ જેટલું ભાડું આપવા માટેની વ્યવસ્થા ક્યા રાજ્યોમાં ગણોત પ્રથામાં સુધારા માટે દાખલ થઇ હતી?

(અ) ગુજરાત, પંજાબ, આસામ અને રાજસ્થાન

(બ) રાજસ્થાન, આસામ, કર્ણાટક, ગુજરાત

(ક) તમિલનાડુ અને ગુજરાત

(ડ) ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન

૪૫. 1972 પછી જમીન ટોચમર્યાદા કઈ બાબત મુખ્ય મુદો બની?

(અ) કોઈ એક કુટુંબ પાસે કેટલી જમીન છે તે

(બ) કોઈ એક વ્યક્તિ પાસે કેટલી જમીન છે તે

(ક) કોના નામે અમુક મર્યાદાથી વધારે જમીન છે તે

(ડ) ઉપરોક્ત તમામ

૪૬. ભૂદાન આંદોલન કોણે શરૂ કર્યું હતું?

(અ) મહાત્મા ગાંધી (બ) વિનોબા ભાવે

(ક) સરદાર પટેલ (ડ) જયપ્રકાશ નારાયણ

૪૭. જમીન ટોચમર્યાદા ધારાના અમલમાં કઈ મુસીબત ઊભી થઇ?

(અ) જમીનો ખોટી રીતે તબદીલ થઇ

(બ) ભૂમિહીનો કીમત ચૂકવી જમીન લેવા તૈયાર થયા નહિ

(ક) (અ) અને (બ) બને

(ડ) (અ) અને (બ)માંથી એકેય નહિ

૪૮. અનુસુચિત વિસ્તારોમાં પંચાયતોનું વિસ્તરણ કાયદો ક્યારે ઘડાયો?

(અ) 1995 (બ) 1996 (ક) 1992 (ડ) 1927

૪૯. આશરે કેટલાં લોકોને ટોચમર્યાદા હેઠળ 2004 સુધીમાં ફાજલ થયેલી ભૂમિહીનોને આપવામાં આવી છે?

(અ) 57.46 લાખ (બ) 67.32 લાખ

(ક) 1 કરોડ (ડ) 10 લાખ

૫૦. ભૂદાન આંદોલન હેઠળ કેટલી જમીન લોકોએ ગરીબોને વહેચવા માટે દાનમાં આપી?

(અ) 55 લાખ એકર (બ) 42 લાખ એકર

(ક) 78 લાખ એકર (ડ) 27 લાખ એકર



# Answer Key Economics Model Paper-6

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | બ | 11 | અ | 21 | ક | 31 | અ | 41 | ડ |
| 2 | ડ | 12 | અ | 22 | બ | 32 | બ | 42 | અ |
| 3 | ક | 13 | ડ | 23 | ડ | 33 | ડ | 43 | બ |
| 4 | ક | 14 | ક | 24 | ક | 34 | બ | 44 | ડ |
| 5 | ડ | 15 | ડ | 25 | બ | 35 | ક | 45 | અ |
| 6 | બ | 16 | બ | 26 | અ | 36 | ડ | 46 | બ |
| 7 | અ | 17 | અ | 27 | ડ | 37 | ડ | 47 | ક |
| 8 | ક | 18 | ક | 28 | બ | 38 | ક | 48 | બ |
| 9 | ક | 19 | અ | 29 | ક | 39 | ડ | 49 | અ |
| 10 | ક | 20 | બ | 30 | બ | 40 | ડ | 50 | બ |

For Our Daily Update Please Add this Number (9714212189) in Your Whatsapp Group OR send mail (spcfinfo@gmail.com).

## BEST OF LUCK...........

તમારા સપનાઓ.......

અમારું માર્ગદર્શન......

જરૂર લાવશે એક પરિણામ......